# સુરત મહાનગરપાલિકા

<u>પ્રેસનોટ (COVID-19)</u>

**<u>તા.૧૧/૦૪/૨૦૨૧</u>**

**સુરત શહેરમાં વ્યાપેલા કોરોના વાયરસના નવા સ્ટ્રેઈને દિન પ્રતિ દિન ખુબજ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. આ નવો સ્ટ્રેઈન ખુબજ ચેપી અને પ્રાણ ઘાતક હોય જેનો શહેરીજનો ભોગ ન બને તે માટે સુરત મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર આ વધતા જતા કોરોના વાયરસના સંક્રમણને ખુબજ ઝડપથી શહેરમાંથી નાબુદ કરવા માટે કમર કસી છે અને શહેરીજનોને વહેલામાં વહેલી તકે આ કોરોના વાયરસના સંક્રમણથી મુકતિ મેળવે તે માટે સતત પ્રયાસો કરી રહી છે. અને માન.કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS પણ પ્રતિ દિન શહેરના સંક્રમિત વિસ્તારોને મુલાકાતો લઈ કરવામાં આવતી તમામ પ્રકારની કામગીરીની નિરીક્ષણ કરી યુધ્ધના ધોરણે શહેરમાં વધતા જતા સંક્રમણને નિયંત્રિત કરવા માટે સખત પ્રયાસો કરી રહયાં છે અને શહેરીજનોને આ નવા કોરોના વાયરસની લહેરને સહજતાથી ન લેવા અને તમામ પ્રકારની તકેદારીઓ રાખવા વારંવાર અપીલ પણ કરી રહયા છે.**

**આજરોજ માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા અને માન.કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS જૈન સમાજના સંત સમુદાયના અગ્રણીયોને મળ્યા હતા અને તેમને કહયુ કે તમારા થકી લોકોને આહવાન થાય અને વધુમાં વધુ લોકોમાં કોરોનાની જાગૃતિ આવે, શહેરમાં મોટા કાર્યક્રમો ના થાય, સામાજીક અંતર જળવાય રહે, કોરોનાની મહામારીના આ વિકટ સમય દરમ્યાન શહેરીજનો દ્વારા તમામ SOPનું પાલન થાય તેમજ લોકોની ઓછામાં ઓછી ભીડ જમા થાય તેવી વિનંતી કરવામાં આવી. મહંતશ્રી દ્વારા ખાતરી આપવામાં આવી કે તેઓ જૈન સમુદાયને આ બાબતે આહવાન કરશે અને સુરત શહેરની દિન પ્રતિદિન કોરોના વાયરસના વધતા સંક્રમણને કારણે ઉદભવેલ ગંભીર પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકાને યોગ્ય સહયોગ આપશે.**

**જનસંપર્કવિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**

**સમાચાર યાદી નં.૮૪,તા.૧૧/૦૪/૨૦૨૧**